# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી આજે મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં આસ્થાની ડુબકી લવાવવા પ્રયાગરાજ પહોંચશે.**
2. **રાજ્યની નવી રચાયેલી મહાનગરપાલિકાઓને વહીવટી ખર્ચ માટે ૨૦૮ કરોડ રૂપિયા ફાળવવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય.**
3. **રાજ્ય કર વેરા વિભાગ દ્વારા બે કરોડ પંચાવન લાખ કરતાં વધુના બિનહીસાબી પાનમસાલા અને તમાકુના પાઉચ અમદાવાદમાંથી જપ્ત કરાયા.**
4. **વાહનો ઉપર લગાવાયેલી સફેદ L.E.D.ને કારણે થતા અકસ્માતો નિવારવા માટે રાજકોટ પોલીસ દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરાઇ.**
5. **નેશનલ ગેમ્સમાં ટેકોવોન્ડોમાં ગુજરાતની ત્વીષા કાકડીયાએ સુવર્ણ જ્યારે રોનક પ્રજાપતિએ બ્રોન્ઝ મેડલ જીત્યો.**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM - MAHAKUMBH SNAN

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પ્રયાગરાજમાં યોજાઇ રહેલા મહાકુંભમાં પવિત્ર સ્નાન માટે આજે જશે.

શ્રી પટેલ આજે બપોરે સાડા બાર વાગે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરશે. આ પૂર્વે તેઓ સાડા નવ વાગે પ્રયાગરાજમાં બડે હનુમાનજી મંદિરના દર્શન-પૂજન કરશે.

તેઓ રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રયાગરાજમાં ઉભા કરવામાં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત લેશે અને સાંજે ગાંધીનગર પરત ફરશે.

# NEW MUNICIPAL CORPORATION GRANT

રાજ્યની નવી રચાયેલી મહાનગરપાલિકાઓને વહીવટી ખર્ચ માટે ૨૦૮ કરોડ રૂપિયા સહિત અન્ય પાંચ મહાનગરપાલિકાઓ અને ચાર નગરપાલિકાઓને શહેરી જનસુખાકારીના કામો માટે ૭૧૦ કરોડ રૂપિયા ફાળવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આ રકમ ફાળવણીનો નિર્ણય કરાયો છે. જેમાં નવરચિત આણંદ મહાનગરપાલિકાને ૪૫ કરોડ, મોરબી ૮૦ કરોડ નડિયાદને ૨૧.૯૦ કરોડ, વાપીને રૂ.૨૧.૫૦ કરોડ, નવસારી અને ગાંધીધામ મહાનગરપાલિકા પ્રત્યેકને ૨૦-૨૦ કરોડ રૂપિયા મળશે.

જેમાં વિવિધ પ્રજાલક્ષી સુખાકારી વધારવા માટે આ રકમનો ઉપયોગ કરાશે.

# AHMEDABAD - ROAD SAFETY PROGRAMME

અમદાવાદ ખાતે રક્ષાશક્તિ યુનિવર્સિટી, રકજી રોડ સેફટી ઓથોરીટી અને A.M.C.ના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં A.M.C.ના સ્કૂલ બોર્ડની શાળાઓના 2 હજાર 200 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ અંગે માર્ગ સલામતી કમિશનર એસ.એ. પટેલે વધુ માહિતી આપી હતી.

બાઇટ - S.A પટેલ (માર્ગ સલામતી કમિશનર )

# GST RAID

રાજ્ય કર વેરા વિભાગે પાન-મસાલાની હેરાફેરી પકડી અંદાજે બે કરોડ પંચાવન લાખથી વધુના બિનહીસાબી પાન-મસાલાની હેરાફેરી ઝડપી પાડી હતી. મળેલી બાતમીના આધારે રાજ્ય કરવેરા વિભાગે આ કાર્યવાહી કરી હતી.

પાન-મસાલા અને તમાકુના  42 લાખ કરતા વધુ પાઉચ જપ્ત કરીન આ કામગીરી કરવામાં આવી હતી..

# TB

દેશભરમાં ટીબી રોગ નાબુદ કરવા સરકાર વિવિધ પ્રયાસો કરી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં ૪૫૦૦ જેટલા ટીબીના દર્દીઓ છે, ત્યારે આદિવાસી વિસ્તાર એવા દાંતા તાલુકામાં ૨૫૦ ટીબીના દર્દીઓ છે.

અંબાજી સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડૉ.વાય કે મકવાણા દ્વારા દાંતા તાલુકા વિસ્તારના ટીબીના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. 35 જેટલા ટીબી દર્દીને

પોષણક્ષમ રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને જો વધુ જરૂરિયાત જણાશે તો તેમના માટે પણ વ્યવસ્થા કરવામાં આવશે. તેમ તેમણે જણાવ્યું હતું.

બાઈટ- ડૉ.નયન મકવાણા (જિલ્લા ટીબી આરોગ્ય અધિકારી – બનાસકાંઠા)

# RAJKOT WHITE LED

રાજકોટમાં શહેરી વિસ્તારમાં અને નેશનલ હાઇ-વે અને સ્ટેટ હાઇ-વે દોડતા વાહનોમાં અનઅધિકૃત રીતે સફેદ એલ.ઈ.ડી. બલ્બ લાઈટ લગાવવાના કારણે રાત્રિ દરમિયાન વધી રહેલા જીવલેણ માર્ગ અકસ્માત અટકાવવા માટે ડ્રાઈવ શરૂ કરવામાં આવી. આ ડ્રાઈવ દરમિયાન ૫૧ વાહન ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ખાસ કરીને માર્ગ અકસ્માતમા ઘટાડવા માટે રાજકોટમાં વાહનોમાં અનઅધિકૃત અથવા વધારાની લગાવેલી અતિ તિવ્રતાવાળી હેડ લાઇટ વાળા વાહન ચાલકો વિરુધ્ધ શહેરી વિસ્તાર અને નેશનલ હાઇ-વે/સ્ટેટ હાઇ-વે પર આર.ટી.ઓ. વિભાગ સાથે સંયુકત ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું.

# DHAJ – FIRST ECO VILLAGE GAAM

સુરત જિલ્લાના માંડવી તાલુકાનું રાજ્યનું પ્રથમ ઇકો વિલેજ ધજ ગામ દેશના અન્ય ગામોને પ્રેરણા આપી રહ્યું છે. આ અંગે પ્રસ્તુત છે.. એક અહેવાલ…

( VOICECAST- AJAY INDREKAR )

(ઊંચા પર્વતોની હારમાળા અને જંગલની વચ્ચે આવેલું ધજ ગામ રાજ્યનું પ્રથમ ઇકો વિલેજ બન્યું છે. રાજ્યમાં પર્યાવરણ પ્રત્યે સામૂહિક ચેતના આવે અને આર્થિક

વિકાસની સાથે સાથે પર્યાવરણને સંતુલિત કરી શકાય તેવા આશયથી વર્ષ 2016માં ધજ ગામને ઇકો વિલેજ જાહેર કરાયું હતું. ગામની દૂધમંડળી અને પશુપાલન થકી ગામની બહેનો આત્મનિર્ભર બની છે.

ગુજરાત ઇકોલોજી કમિશને ધજ ગામને ઇકો વિલેજ જાહેર કરી પાયાની સુવિધાઓ પુરી પાડી છે. વન વિભાગના સામૂહિક પ્રયાસોથી થયેલા પર્યાવરણ સંરક્ષણના કારણે ધજ ગામમાં પર્યાવરણીય ક્રાંતિ આવી છે. ગામમાં ઘરે-ઘરે સોલાર લાઇટ,  વરસાદી પાણીના સંગ્રહ માટે ભુગર્ભ જળ ટાંકા, ગોબર ગેસના યુનિટ અને સ્મશાનગૃહ, મોબાઇલ કનેક્ટીવીટી માટે ટાવર, પશુપાલન સાથે સંકળાયેલી મહિલા માટે દૂધમંડળી તેમજ ગામના ઘનકચરા માટે વર્ગીકૃત ઘનકચરા યુનિટની સુવિધા વનવિભાગ દ્વારા ઉભી કરવામાં આવી છે.

અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ..)

# TAPI MLA

તાપી જિલ્લાના સોનગઢ પ્રાથમિક શાળાના બાળકોએ રત્નજ્યોત નામની વનસ્પતિના બી ખાતા 25 બાળકોની તબિયત લથડી હતી. આ બાળકોને તાત્કાલિક વ્યારાની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લવાયા હતા જ્યાં તેમની હાલત સુધારા પર છે..

વ્યારાની સિવિલ હોસ્પિટલમા સારવાર લઇરહેલા બાળકોને મળવા નિઝરના ધારાસભ્ય જયરામ ગામીત પહોંચ્યા હતા.. તેમણે ફૂડ પોઈઝનીગનો ભોગ બનેલા  પીડિત બાળકો ની મુલાકાત લીધી હતી અને તેમના ખબર અંતર પૂછ્યા હતા. તેમણે ડોક્ટરને પણ યોગ્ય સારવાર આપવા સૂચના આપી હતી.

# NATIONAL GAME

નેશનલ ગેમ્સમાં ગુજરાતને બીજો ગોલ્ડ મેડલ ટેકવોન્ડોની રમતમાં મળ્યો છે. ગુજરાતની ત્વીષા કાકડિયાએ ટેકવોન્ડોમાં શાનદાર દેખાવ કરતાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે રોનક પ્રજાપતિએ ટેકવોન્ડોનની પૂમ્સાઈ વ્યક્તિગત સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ગુજરાતની મહિલા ટેનિસ ટીમે સતત ત્રીજી નેશનલ ગેમ્સની ફાઇનલમાં પ્રવેશીને અનોખો ઇતિહાસ રચી દીધો હતો. હવે આજે ગુજરાતની ટીમ ગોલ્ડ મેડલ જીતવા માટે ઉતરશે. ગઈકાલે રમાયેલી સેમી ફાઇનલમાં ગુજરાતે 2-0 થી હરિયાણાની સામે જીત મેળવી હતી.

દહેરાદૂન ખાતે ચાલી રહેલી 38મી નેશનલ ગેમ્સની ફાઇનલ પ્રવેશ કર્યો હતો. ગુજરાતની ટીમ સતત ત્રીજી વખત ફાઇનલમાં પ્રવેશી છે.

# RAJKOT KHELMAHAKUBH

ખેલ મહાકુંભ ૩.0 અંતર્ગત રાજકોટ જિલ્લા કક્ષાની એથ્લેટિકસ બહેનોની સ્પર્ધા એથ્લેટિક ટ્રેક રેસકોર્સ ખાતે યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એજ કેટેગરીની ૪૦૦ જેટલી બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બહેનોએ રનીંગ, જમ્પિંગ સહિતની ઇવેન્ટ્સમાં પોતાનું કૌશલ્ય દેખાડયું હતું.

# ACCIDENT

ગીર સોમનાથ જિલ્લાના સિમાસી ગામ પાસે થયેલા માર્ગ અકસ્માતમાં ત્રણ યુવકનું મોત થયા છે.

સિમાસી ગામ પાસે આવેલા હાઈવે પર રોડ સાઈડ બનેલા પેટ્રોલ પંપ માલિકે પોતાના ધંધાકીય ઉદ્દેશને લઈને હાઈવે પર બનાવેલ ડિવાઈડર તોડી નાખ્યો હતો. આ તોડેલા ડિવાઈડરની આસપાસ અકસ્માત સર્જાતા 3 યુવકના મોત નિપજ્યા હતા.

જિલ્લા મેજિસ્ટ્રેટે ગેરકાયદેસર રીતે નેશનલ હાઈવે ડિવાઈડર તોડવા બદલ પેટ્રોલ પંપના માલિક સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

# RAJKOT POST OFFICE ADHARCARD

રાજકોટ મુખ્ય પોસ્ટ ઓફિસમાં આધાર કાર્ડની કામગીરી માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અરજદારોને સરળતા પડે, તેઓનો સમય બચે તે હેતુથી વિશેષ વ્યવસ્થા કરી ત્રણ કાઉન્ટર કાર્યરત કરાયા છે.

જેમા એક કાઉન્ટરનો સમય સવારે ૮ થી સાંજના ૪ કલાક સુધી જેમા સવારે ૮ થી ૯:૪૫ દરમિયાન ટોકન આપવામા આવશે. બીજા કાઉન્ટરનો સમય સવારે ૧૦ થી સાંજના ૬ કલાક સુધી રહેશે જેમા પૂછપરછ કાઉન્ટર પરથી ૯:૪૫થી ટોકન આપવામા આવશે.

આ બન્ને કાઉન્ટરમાં નવા આધાર કાર્ડ તથા આધાર કાર્ડમાં જરૂરી ફેરફાર કરવા માટે, તથા કાઉન્ટર 3 પરથી સવારે ૯ કલાક થી સાંજના ૫ કલાક દરમિયાન ફક્ત મોબાઇલ નંબર અપડેટ કરવાની કામગીરી કરાશે.